તા:૧૪/૦૭/૨૦૧૮

# જાહેર નિવિદા

## (ડોમીસાઇલ સર્ટીફીકેટ ખરાઇ અંગે)

ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ માં મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમીયોપેથીક, અને નેચરોપેથીના **પ્રથમ રાઉન્ડ માં એડમીશન મળેલ હોઇ તેવા જુનાગઢ જીલ્લા ના વિદ્યાર્થીઓએ** ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણી માટે નિયત સમીતીના સભ્યો સમક્ષ ડોમીસાઇલ સર્ટીફીકેટની નકલ તથા ડોમીસાઇલ સર્ટીફીકેટ મેળવવા માટે સક્ષમ અધિકારીશ્રી સમક્ષ રજુ કરેલા દસ્તાવેજોની પ્રમાણિત નકલો જેવી કે ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ ની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, જાતી પ્રમાણપત્ર, નોન-ક્રીમીલીયર પ્રમાણપત્ર, ફી ભર્યાની રસીદ, એ.સી.પી.યુ.જી.એમ.ઇ.સી.૨૦૧૮ દ્વારા હેલ્પ સેન્ટર પરથી મળેલ ઓર્ડરની અસલ/નકલ તથા આનુસંગીક જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો વેરીફીકેશન માટે રજુ કરવાના રહેશે.

જે વિદ્યાર્થીઓએ અસલ પ્રમાણપત્રો જમાં કરાવેલ હોઇ તેઓએ એટેસ્ટેડ કોપી સાથે નીચે દર્શાવેલ સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

તારીખ:- ૧૬/૦૭/૨૦૧૮ તથા ૧૭/૦૭/૨૦૧૮

સમય :- સવારે ૧૧:૦૦ થી બપોરના ૦૪:૦૦ કલાક સુધી.

સ્થળ :- નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, બીજો માળ, બ્લોક નં-૬, જીલ્લા સેવા સદન જુનાગઢ.

અધ્યક્ષ
ડોમીસાઇલ સર્ટી. ચકાસણી સમીતી
જુનાગઢ જીલ્લો

Scanned by CamScanner

નં.એમએજી/બી/૬૯૯/૨૦૧૮

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.
ફો.નં.(૦૨૮૫) ૨૬૩૦૧૦૦
email : collector-jun@gujarat.gov.in
તા. ૧૨ /૭/૨૦૧૮

**વિષય :-** ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી બાબતે સમિતીની રચના કરવા અંગે
**સંદર્ભ :-** સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક: MIS/65/2018/F-II, તા.૦૬/૦૭/૧૮

:: **હુકમ** ::-

સરકારશ્રીના ગૃહ વિભાગના સંદર્ભ તળેના તા.૦૬/૦૭/૨૦૧૮ ના ઠરાવથી જોગવાઈ થયા મુજબ ચાલુ વર્ષે(વર્ષ–૨૦૧૮) મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમીયોપોથીક અને નેચરોપેથીક પ્રવેશ માટે ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમિતી ખાતે અરજી કરેલ વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી સમયમર્યાદામા અને ચોકસાઈ પુર્વક થઈ શકે તે સારૂ આ જિલ્લા માટેની સમિતીમા નીચે મુજબના અધ્યક્ષ અને સભ્યો નિયુકત કરવામા આવે છે.

| ક્રમ | અધિકારીનો હોદ્દો | સમિતીમા હોદ્દો |
|---|---|---|
| ૧ | સુ.શ્રી હેતલ પી. જોષી – નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, જુનાગઢ. | અધ્યક્ષ |
| ૨ | એ.સી.પી.યુ.જી.એમ.ઈ.સી. કોર કમીટી દ્વારા નિયુકત પ્રવેશ સમિતિના અધિકારી/કર્મચારી | સભ્ય |
| ૩ | શ્રી ડી.એસ.કૈલા – જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ | સભ્ય |
| ૪ | શ્રી એચ.કે.પરમાર – ચીટનીશ ટુ કલેકટર, કલેકટર કચેરી, જુનાગઢ | સભ્ય |

સદરહુ સમિતીએ નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના, જુનાગઢની અધ્યક્ષતામા સંદર્ભમાં જણાવ્યા ઠરાવની સુચનાનુસાર નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) સંબંધિત ઉમેદવારોએ ડોમીસાઈલ સર્ટીફીકેટ અને તેને આનુષંગીક જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો ઉપરાંત ધોરણ–૧૨ ની માર્કશીટ, ધોરણ–૧૦ ની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, જાતી પ્રમાણપત્ર–ક્રીમીલેયર પ્રમાણપત્ર(જો લાગુ પડતું હોય તો), ફી ભર્યાની રસીદ વિગેરે પ્રમાણપત્રો/ દસ્તાવેજો ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન માટે રજુ કરવાના રહેશે. જેની ચકાસણી કરવાની રહેશે.

(૨) ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન સમિતીએ મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમીયોપોથીક અને નેચરોપથી પ્રવેશ માટેના ઉમેદવારો દ્વારા રજુ થયેલ ડોમીસાઈલ સર્ટીફીકેટ સબંધિત દસ્તાવેજો/પ્રમાણપત્રો જોઈને ડોમીસાઈલ સર્ટીફીકેટ ઉપર VERIFIED OR REJECTED ના સિકકા લગાવી સહી કરી તેની યાદી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને રજુ કરવાની રહેશે. ઉપરાંત કોઈ વધુ પુરાવાની જરૂરીયાતના કેસમાં વેરીફીકેશન ટીમે તે અંગે ઉમેદવારને જણાવી તે પુરાવા મેળવીને યોગ્ય નિર્ણય લઈ શકશે.

(૩) એડમીશન પ્રક્રીયા સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ MCI એ નકકી કરેલ સમય પત્રક મુજબ થતી હોવાથી તારીખ અને સમય પત્રકનું પાલન ફરજીયાત હોઈ ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન પ્રક્રીયા તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરીને VERIFIED FINAL યાદી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને રજુ કરવાની રહેશે.



Scanned by CamScanner

અત્રેના જિલ્લા માટે એ.સી.પી.યુ.જી.એમ.ઈ.સી. કોર કમિટી દ્વારા નિયુકત પ્રવેશ સમિતીના અધિકારી/કર્મચારીની ક્રમ–૨ ઉપર સભ્ય તરીકે નિમણુંક કરવાની રહેશે. ઉમેદવારોએ નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના, બીજો માળ, કલેકટર કચેરી, જુનાગઢ ખાતે ડોમીસાઈલ સર્ટીફિકેટના વરેફિકેશન માટે હાજર રહેવાનુ છે, આ અંગેની પ્રસિધ્ધિ સમિતીના અધ્યક્ષશ્રીએ દૈનિક વર્તમાનપત્ર મારફત તાત્કાલીક કરાવવાની રહેશે.

સરકારશ્રીના ગૃહ વિભાગના સંદર્ભિત ઠરાવની જોગવાઈ/સુચના મુજબ સદરહુ સમિતીએ તમામ કાર્યવાહી સમયમર્યાદામા પુર્ણ કરી અત્રેની જાણ તળે સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને ધોરણસરનો અહેવાલ મોકલી આપવાનો રહેશે.

જીલ્લા મેજિસ્ટ્રેટ
જુનાગઢ જીલ્લો, જુનાગઢ

**બિડાણ :–** સંદર્ભિત ઠરાવની નકલ.

**પ્રતિ,**
અધ્યક્ષશ્રી ડોમીસાઈલ ચકાસણી સમિતિ, જુનાગઢ જીલ્લો અને
નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના, જુનાગઢ.
– સમિતિના સભ્યોને હુકમની નકલ મોકલવી તથા હુકમ મુજબ અમલવારી થવા સારૂ..

**નકલ સવિનય રવાના :–**
(૧) ઉપ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.
(૨) ઉપ સચિવશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૩) ચેરમેનશ્રી,
એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજયુએટ/
પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન કોર્સીસ,
જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સેકટર–૧૨,
ગાંધીનગર.
– જાણ સારૂ..

**નકલ :–**
નાયબ માહિતી નિયામકશ્રી,
માહિતી ખાતુ, જુનાગઢ.
– ઉકત સમિતિના અધ્યક્ષશ્રી તરફથી જણાવ્યાનુસાર આ અંગેની પ્રસિધ્ધિ દૈનિક વર્તમાનપત્રમાં તાત્કાલીક કરાવવા વિનંતી છે.



Scanned by CamScanner